ક્રમાક-૮૬/ચહક/વિ.શાખા/૨૦૧૬-૧૭/૧૦૦૨-૦૬
કમિશ્નર, શાળાઓની કચેરી,
બ્લોક નં ૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન
ગુ. રા., ગાંધીનગર. તા.૨૨/૬/૨૦૧૬

**વંચાણે લીધો -**

શિક્ષણ વિભાગના તા.૨૧/૬/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ ઉકશ/૧૨૧૫/૧૧૨/ગ૧નો ઠરાવ

**પરિપત્ર -**

આમુખના ઠરાવથી રાજ્યની એ.ટી.ડી. અને ફાઈન આર્ટ્સ(એપ્લાઈડ,પેઈન્ટિંગ અને શિલ્પ)ના પ્રથમ વર્ષના નવા અભ્યાસક્રમને અને આ નવા અભ્યાસક્રમનો અમલ ચાલુ સત્ર એટલે કે જૂન - ૨૦૧૬ થી કરવાની મંજૂરી આપેલ હોય તે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. આ સાથે ઠરાવની નકલ અને નવો અભ્યાંસક્રમ સામેલ છે.

સંયુક્ત શિક્ષણ નિયામક,
૧૦ + ૨ ખાસ ઘટક,
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
- આચાર્યશ્રી, સંબંધિત કલા સંસ્થાઓ તમામ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સંબંધિત તમામ.

નકલ સવિનય જાણ સારૂ -
- નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.

desktop/atd/ptravyavhar

એ.ટી.ડી. પ્રથમ વર્ષ અને ફાઇન આર્ટસ પ્રથમ
વર્ષનો નવો અભ્યાસક્રમ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : ઉકશ/૧૨૧૫/૧૧૨/ગ૧
સચિવાલય,ગાંધીનગર
તારીખ :- ૨૧.૬.૨૦૧૬

વંચાણે લીધો :-

(૧) શિક્ષણ વિભાગની તારીખ ૧૬.૨.૨૦૧૫ની કાર્યવાહી નોંધ ક્રમાંક: ઉમશ-૧૧૧૩-૧૮૫-ગ૧.

(૨) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૨૫.૪.૨૦૧૬ નો પત્ર ક્રમાંક: ચહક/ચ/વિશિષ્ટ /૧૬-૧૭/૭૬૪-૭૬૪.

(૩) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૨૪.૫.૨૦૧૬નો પત્ર ક્રમાંક: ચહક/ચ/વિશિષ્ટ /૧૬-૧૭/૭૩૭.

ઠરાવ :-

માન.મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં તારીખ ૩૦.૧૨.૨૦૧૪ના રોજ મળેલ બેઠકમાં એ.ટી.ડી. અને ફાઇન આર્ટસના હાલના અભ્યાસક્રમનું મુલ્યાંકન કરી માર્કેટ ઓરીએન્ટેડ અભ્યાસક્રમ માટે વિચારણા કરવા અંગે લેવામાં આવેલ નિર્ણય અન્વયે કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક : (૨) તથા (૩) સામે દર્શાવેલ પત્રોથી જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગરે તજજ્ઞો દ્વારા તૈયાર કરાયેલ એ.ટી.ડી. અને ફાઇન આર્ટસના પ્રથમવર્ષના અભ્યાસક્રમ(સૂચિત)ને મંજુરી આપવા કરેલ દરખાસ્તને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આ સાથે સામેલ રાખેલ એ.ટી.ડી. અને ફાઇન આર્ટસના પ્રથમ વર્ષના અભ્યાસક્રમને ચાલુ સત્ર એટલે કે જુન-૨૦૧૬થી અમલમાં મુકવાની આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

(એન.એલ.પુજારા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, મંત્રીશ્રી, શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર.

- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- એ.ટી.ડી. અને ફાઇન આર્ટસ કોલેજોના આચાર્ય(નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- શાખા સિલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ